## પ્રવચન નં. ૩૨, શ્લોક-૫૨-૫૩, ગાથા-૩૫ થી ૩૮ રવિવાર, ચૈત્ર સુદ ૯, તા.૪-૪-૭૧

'અજીવ અધિકાર'. ગાથા ૩૫ અને ૩૬. જાણવાની છે પણ એ ત્રણ ગાથા છે.

**संखेज्जासंखेज्जाणंतपदेसा हवंति मुत्तस्स।**
**धम्माधम्मस्स पुणो जीवस्स असंखदेसा हु।।३५।।**

**लोयायासे तावं इदरस्स अणंतयं हवे देसा।**
**कालस्स ण कायत्तं एयपदेसो हवे जम्हा।।३६।।**

* આકાશના પ્રદેશની માફક, કોઈ પણ દ્રવ્યનો એક પરમાણુ વડે વ્યપાવાયોગ્ય જે અંશ તેને તે દ્રવ્યનો પ્રદેશ કહેવામાં આવે છે. દ્રવ્યે પુદ્‌ગલ એકપ્રદેશી હોવા છતાં પર્યાયે સ્કંધપણાની અપેક્ષાએ પુદ્‌ગલને બે પ્રદેશોથી માંડીને અનંત પ્રદેશો પણ સંભવે છે.

અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને;
અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમ જ જીવને; ૩૫.

અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,
છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬.

**ટીકા :–** **'આમાં છ દ્રવ્યો...'** છે ભગવાને જોયેલા. એના પ્રદેશનું લક્ષણ કહેવામાં આવ્યું છે અને તેના સંભવ–એ હોઈ શકે કે નહિ એના પ્રકાર કહેવામાં આવેલા છે. બે પ્રકાર કહ્યાં. એનું લક્ષણ અને સંભવ. ઓલી કોર અર્થ છે.

**'શુદ્ધપુદ્‌ગલપરમાણુ વડે રોકાયેલું આકાશસ્થળ જ પ્રદેશ છે (અર્થાત્ શુદ્ધ પુદ્‌ગલરૂપ પરમાણુ આકાશના જેટલા ભાગને રોકે તેટલો ભાગ તે આકાશનો પ્રદેશ છે).'** પ્રદેશની વ્યાખ્યા કરી. આકાશની અપેક્ષાએ. બાકી તો નીચે છે. **'આકાશના પ્રદેશની માફક, કોઈ પણ દ્રવ્યનો એક પરમાણુ વડે વ્યપાવાયોગ્ય જે અંશ તેને તે દ્રવ્યનો પ્રદેશ કહેવામાં આવે છે.'** ઓલું આકાશાની અપેક્ષાએ કહ્યું હતું, આ છૂટું બીજી વાર કહ્યું. **'દ્રવ્યે પુદ્‌ગલ એકપ્રદેશી હોવા છતાં, પર્યાયે સ્કંધપણાની અપેક્ષાએ પુદ્‌ગલને બે પ્રદેશોથી માંડીને અનંત પ્રદેશો પણ સંભવે'.**

**'પુદ્‌ગલદ્રવ્યને આવા પ્રદેશો સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે. લોકાકાશને, ધર્મને, અધર્મને તથા એક જીવને અસંખ્યાત પ્રદેશો છે. બાકીનું જે અલોકાકાશ તેને અનંત પ્રદેશો છે. કાળને એક પ્રદેશ છે, તે કારણથી તેને કાયપણું નથી પરંતુ દ્રવ્યપણું છે જ.'** શ્લોક.

[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]

## શ્લોક–૫૨

(उपेन्द्रवज्रा)

पदार्थरत्नाभरणं मुमुक्षोः
कृतं मया कंठविभूषणार्थम्।
अनेन धीमान् व्यवहारमार्गं
बुद्ध्वा पुनर्बोधति शुद्धमार्गम्।।५२।।

**[શ્લોકાર્થ :–] પદાર્થોરૂપી (-છ દ્રવ્યોરૂપી) રત્નોનું આભરણ મેં મુમુક્ષુના કંઠની શોભા અર્થે બનાવ્યું છે; એના વડે ધીમાન પુરુષ વ્યવહારમાર્ગને જાણીને, શુદ્ધમાર્ગને પણ જાણે છે. ૫૨.**

## શ્લોક-૫૨ ઉપર પ્રવચન

पदार्थरत्नाभरणं मुमुक्षोः
कृतं मया कंठविभूषणार्थम्।
अनेन धीमान् व्यवहारमार्गं
बुद्ध्वा पुनर्बोधति शुद्धमार्गम्।।५२।।

**'પદાર્થોરૂપી (- છ દ્રવ્યોરૂપી) રત્નોનું આભરણ...'** મુનિ કહે છે. છ દ્રવ્યો ભગવાને જોયા એની વ્યાખ્યા કરી. એ **'રત્નોનું આભરણ મેં મુમુક્ષુના કંઠની શોભા અર્થે બનાવ્યું છે;...'** વ્યવહાર છે ને? **'એના વડે ધીમાન પુરુષ...'** બુદ્ધિમાન પુરુષ **'વ્યવહારમાર્ગને જાણીને,..'** છ દ્રવ્ય, એના પ્રદેશો, એની કાય વગેરે. **'શુદ્ધમાર્ગને પણ જાણે છે.'** શુદ્ધમાર્ગને પણ જાણે છે એમ. વ્યવહારમાર્ગ, છ દ્રવ્યો, એના પ્રદેશો બધું છે. જેવું છે તેમ પહેલું જાણે, જાણીને શુદ્ધમાર્ગ, આત્મા આનંદ સ્વરૂપના પવિત્રમાર્ગને પણ જાણે. જે જાણીને આ જાણવાનું છે એમ કહે છે.

**'શુદ્ધ માર્ગને પણ જાણે છે.'** એમ કહ્યું ને? ઓલો વ્યવહારમાર્ગ કહ્યો ખરો ને. એટલે શુદ્ધ આત્માને જાણે છે એમ ન કહ્યું. શુદ્ધ વ્યવહારમાર્ગને જાણે અને શુદ્ધમાર્ગને પણ જાણે. શું કહ્યું? અને પછી શુદ્ધને જાણે. શુદ્ધમાર્ગને જાણે એમ કહ્યું. ૩૭ મી છેલ્લી ગાથા.

## ગાથા-૩૭

पोग्गलदव्वं मुत्तं मुत्तिविरहिया हवंति सेसाणि।
चेदणभावो जीवो चेदणगुणवज्जिया सेसा।।३७।।

पुद्गलद्रव्यं मूर्तं मूर्तिविरहितानि भवन्ति शेषाणि।
चैतन्यभावो जीवः चैतन्यगुणवर्जितानि शेषाणि।।३७।।

अजीवद्रव्यव्याख्यानोपसंहारोयम्।

तेषु मूलपदार्थेषु पुद्गलस्य मूर्तत्वम्, इतरेषाममूर्तत्वम्। जीवस्य चेतनत्वम्, इतरेषामचेतनत्वम्। स्वजातीयविजातीयबन्धापेक्षया जीवपुद्गलयोरशुद्धत्वम्, धर्मादीनां चतुर्णां विशेषगुणापेक्षया शुद्धत्वमेवेति।

છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે,
ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.

અન્વયાર્થ :– [ पुद्गलद्रव्यं ] પુદ્‌ગલદ્રવ્ય [ मूर्तं ] મૂર્ત છે, [ शेषाणि ] બાકીનાં દ્રવ્યો [ मूर्तिविरहितानि ] મૂર્તત્વ રહિત [ भवन्ति ] છે; [ जीवः ] જીવ [ चैतन्यभावः ] ચૈતન્યભાવવાળો છે, [ शेषाणि ] બાકીનાં દ્રવ્યો [ चैतन्यगुणवर्जितानि ] ચૈતન્યગુણ રહિત છે.

ટીકા :– આ, અજીવદ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર છે.

તે (પૂર્વોક્ત) મૂળ પદાર્થોમાં, પુદ્‌ગલ મૂર્ત છે, બાકીના અમૂર્ત છે; જીવ ચેતન છે, બાકીના અચેતન છે; સ્વજાતીય અને વિજાતીય બંધની અપેક્ષાથી જીવ તથા પુદ્‌ગલને (બંધ-અવસ્થામાં) અશુદ્ધપણું હોય છે, ધર્માદિ ચાર પદાર્થોને વિશેષગુણની અપેક્ષાથી (સદા) શુદ્ધપણું જ છે.

## ગાથા–૩૭ ઉપર પ્રવચન

पोग्गलदव्वं मुत्तं मुत्तिविहरिया हवंति सेसाणि।
चेदणभावो जीवो चेदणगुणवज्जिया सेसा।।३७।।

છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે,
ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.

**ટીકા :– 'આ, અજીવદ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર છે. મૂળ પદાર્થોમાં, પુદ્‌ગલ મૂર્ત જડ છે, બાકીના અમૂર્ત છે; જીવ ચેતન છે, બાકીના અચેતન છે; સ્વજાતીય અને વિજાતીય બંધની અપેક્ષાએ...'** પરમાણુ, પરમાણુની સાથે સંબંધ એ સજાતીય અને પરમાણુ જીવની સાથે બંધાય તે વિજાતીય. એ **'જીવ અને પુદ્‌ગલને અશુદ્ધપણું હોય છે, ધર્માદિ ચાર પદાર્થોને વિશેષગુણની અપેક્ષાથી (સદા) શુદ્ધપણું જ છે.'** એના તો ગુણ અને પર્યાય બધી શુદ્ધ જ છે. કળશ.

**[હવે આ અજીવ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે :]**

## શ્લોક-૫૩

(मालिनी)

इति ललितपदानामावलिर्भाति नित्यं
वदनसरसिजाते यस्य भव्योत्तमस्य।
सपदि समयसारस्तस्य हृत्पुण्डरीके
लसति निशितबुद्धेः किं पुनश्चित्रमेतत्।।५३।।

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ अजीवाधिकारो द्वितीयः श्रुतस्कन्धः।

[શ્લોકાર્થ :–] એ રીતે લલિત પદોની પંક્તિ જે ભવ્યોત્તમના વદનારવિંદમાં સદા શોભે છે, તે તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષના હૃદયકમળમાં શીઘ્ર સમયસાર (-શુદ્ધઆત્મા) પ્રકાશે છે. અને એમાં શું આશ્ચર્ય છે? ૫૩.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) અજીવ અધિકાર નામનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## શ્લોક-૫૩ ઉપર પ્રવચન

इति ललितपदानामावलिर्भाति नित्यं
वदनसरसिजाते यस्य भव्योत्तमस्य।
सपदि समयसारस्तस्य हृत्पुण्डरीके
लसति निशितबुद्धेः किं पुनश्चित्रमेतत्।।५३।।

શ્લોકાર્થ :– **'એ રીતે લલિત પદોની પંક્તિ...'** છ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું ને. **'ભવ્યોત્તમના વદનારવિંદમાં સદા શોભે છે,...'** ઉત્તમ ભવ્યના મુખમાં એ શોભે છે. છ દ્રવ્ય જગતમાં છે, એના ગુણો, પર્યાયો (છે). વ્યવહાર સિદ્ધ કરે છે. એ વાત બરાબર કહે છે, સ્થાપે

છે, જાણે છે એમ કહેશે. **'તે તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષના હૃદયકમળમાં શીઘ્ર સમયસાર (શુદ્ધઆત્મા) પ્રકાશે છે.'** છ દ્રવ્યનું જ્ઞાન એક સમયની પર્યાયમાં આવે છે એવું જાણીને તીક્ષ્ણ બુદ્ધિવંત પુરુષ **'હૃદયકમળમાં શીઘ્ર સમયસાર (–શુદ્ધ આત્મા) પ્રકાશે છે.'** અંતર્મુખ થતાં ચૈતન્યદ્રવ્ય, જ્ઞાયકભાવ આનંદરૂપે પ્રકાશે છે એનું નામ ધર્મ અને આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. **'એમાં શું આશ્ચર્ય છે?'** આવો વ્યવહારમાર્ગ જેણે બરાબર જાણ્યો, અને એ પછી ત્યાંથી નીકળીને અંતર્મુખમાં... ઓલું વદનારવિંદમાં કહ્યું હતું. મુખમાં શોભે છે. છ દ્રવ્ય છે. આ તો અંતરબુદ્ધિ કરીને **'તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષના હૃદયકમળમાં શીઘ્ર સમયસાર...'** આનંદનો કંદ પ્રભુ જ્ઞાયકભાવ, જે વસ્તુ તરીકે અનાદિ ખરેખર આત્મા, એ અંતરમાં પ્રકાશે છે. **'અને એમાં શું આશ્ચર્ય છે?'** એમાં આશ્ચર્ય શું? આત્મા એવો જણાય અને અનુભવાય એ તો એનું સ્વરૂપ છે. એમાં આશ્ચર્ય શું કરવું? એ અજીવનો અધિકાર પૂરો થયો.

**'આ રીતે સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** નગ્ન મુનિ હતા ને દિગંબર. **'એવા પદ્મપ્રભમલધારીદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) અજીવ અધિકાર નામનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'**